ગુજરાતીલેક્સિકન આયોજિત બાળવાર્તા સ્પર્ધા માટે –ભારતી ગોર તરફથી

## દરિયાનો હીરો

એક દિવસ હર્ષિવ અને ધ્યારા બંનેભાઈબહેન દરિયા કિનારે ફરવા ગયા. આઠ-દસ વર્ષના ભાઈબહેન દરિયા કાંઠેછીપલાં ને શંખલા ને એવું વીણતા હતા. ત્યાં હર્ષિવને કાંઇક કરડ્યું એને ચળ થવા લાગી. એ તો દોડી ને ધ્યારાપાસે આવ્યો. ત્યાં એને ચક્કર આવ્યાને બેભાન થઈને પડી ગયો. નાનકડી ધ્યારા તો હર્ષિવની આ હાલત જોઈ રડવા લાગી. “ભાઈલુ.......ભાઈલુ...... ઊઠ ! તું કેમ સુઈ ગયો? ચાલ આપણે ઘરે જવાનું છે.” એમકહી જગાડતી હતી ને સાથે પોતે પણ રડતી ડૂસકાંભરતી હતી. ત્યાં એક સીગલઊડતું આવ્યું. એ ધ્યારાને છાની રાખતુંબોલ્યું, “બેટા ! તારા ભાઈલુને ઝેર ચડ્યું છે. દરિયાનો હીરો ઘસ. તો ઝેર ઊતરી જશે ને તારો ભાઈલુ જાગી જશે.” કહેતુંક ને સીગલ ઊડી ગયું.

ધ્યારા તો તરત જ ઊભી થઈને દરિયાને વિનવણી કરવા લાગી,

“દરિયા રે દેવ, તને કરું હું પ્રણામ
આપે તારો હીરો, તો જાગે મારો વીરો.”

ધ્યારાની વાત સાંભળીને દરિયો તો સફેદ ફીણોટા ઊડાડતો જોરદાર મોજાં ઉછાળવા લાગ્યો. પણ ધ્યારા તો કાંઈ સમજી નહિ. એણે ફરીથી દરિયાને કહ્યું,

“દરિયા રે દરિયા, ખમ્મા મારા વીરા,
આપેતારો હીરો, તો જાગે મારો વીરો.”

હવે તો દરિયો ઊંચાઊંચાઊંટ જેવા સફેદ ચળકતા ફીણવાળા મોજાં ઊછાળવા લાગ્યો. ધ્યારા તો ડૂસકાંભરતીસીગલને શોધતી રહી. કે એને જ પૂછું,છે ક્યાં દરિયાનો હીરો? ત્યાં એની નજર દરિયામાં એક નાવડી પર પડી. એણે હાથ ઊંચો કરી નાવડીના નાવિકને બોલાવ્યો. દોડતી ગઈ નાવિક પાસે ને બોલી.

“નાવિક રે ભાઈ નાવિક, તું છે બહુ ભાવિક,
શોધીઆપે દરિયાનો હીરો, તો જાગે મારો વીરો.”

ધ્યારાની વાત સાંભળી નાવિક તો બે ઘડી વિચારમાં પડી ગયો એને થયું હું તો કેટલાય વરસોથી દરિયો ખેડું છું . પરંતુ મેં તો ક્યારેય દરિયાનો હીરો જોયો નથી. છતાં તેણે કહ્યું,“ચાલ તને હોડીમાં બેસાડી ને દરિયામાં લઇ જાઉં. ત્યાં ક્યાંકથી મળી જાય.”ધ્યારાએ દરિયા કિનારેફરતાં કૂતરાંઓને કહ્યું,“તમે જગમાં વફાદાર પ્રાણી છો. મારા ભાઈલુનું ધ્યાન રાખજો. હું દરિયાનો હીરો શોધી લાવું.”કહેતીનાવિક સાથે હોડીમાં બેઠી. નાવિકે હોડી હંકારી. સરરર....સરરર.. કરતી દરિયાના મોજાં પર ઊછળ-કૂદ કરતી હોડી ચાલી. થોડુંક આગળ ચાલ્યા ત્યાં રંગબેરંગી, સોનેરીનેરૂપેરી,કાળી ને કાબરચીતરી, માછલીઓ આંખો પટપટાવતી, મોઢું ખોલબંધકરતી,સંતાકૂકડી રમતી હતી. ધ્યારા તો માછલીઓ જોઈ ખુશ થઇ, તેને થયું અહીંથી જ હીરો મળી જશે. એણે એક ચળકતી મોટી માછલીને કહ્યું,

“ઓ મલકાતી માછલી, આપું મધની માટલી,
શોધી આપે દરિયાનો હીરો, તો જાગે મારો વીરો.”

માછલી તો થોડીવાર અવાકથઇગઈ. મધનું નામ સાંભળી મોંમાંપાણી તો આવ્યું, પણ વિલા મોંએ બોલી, “અમારું તો જીવન જ દરિયો છે. અમે તો કયારેય હીરો જોયો જ નથી. હા, અમારામાંથી કેટલીક માછલીઓ મોતી પકવે છે. એ લઈજા. કદાચ તને કામ આવી જાય.” એમ કહીને થોડાક મોતી ધ્યારાને આપ્યા. નાવિકે ફરી હોડી આગળ હંકાવી.થોડુંક આગળ ચાલ્યા ત્યાં કેટલાંબધાં છીપલાં સરસ મજાનાગોઠવાઈ ને ડાહ્યાંડમરાંથઇને બેઠાંહતાં. ધ્યારાને હવે આશા બંધાઈ એણે છીપલાં ને કહ્યું,

ગુજરાતીલેક્સિકન આયોજિત બાળવાર્તા સ્પર્ધા માટે –ભારતી ગોર તરફથી

"ઓ છલબલ છલબલ છીપલાં, ભરું તારા ફરાકમાં આભલાં,
શોધી આપે દરિયાનો હીરો, તો જાગે મારો વીરો."

છીપલાં તો મૂંગામંતર રહ્યાંકાંઈ બોલ્યાય નહિ,એમને ખબર નહિ હોયએટલે, નહીતો કંઈક જવાબ આપે ને!એમવિચારી જરાય નિરાશ વિનાધ્યારા આગળ ચાલી. હોડી તરતી સરકતી થોડી આગળ પહોંચી. ત્યાં કેટલાંક જળઘોડા ખૂબમસ્તી તોફાન કરી ઠેકાઠેક કરતા હતા ને પકડાપકડી રમતા હતા. ધ્યારા એ એમને ઊભા રાખી કહ્યું,

"ઓ ધમધમ કરતા ઘોડા, પહેરાવું તારા પગમાં તોડા,
શોધી આપે દરિયાનો હીરો, તો જાગે મારે વીરો."

જળઘોડા મશ્કરી કરતા હોય તેમ ખડખડાટ હસવા લાગ્યા.એક ઘોડો જાણે ડાહ્યો હોય તેમ બોલ્યો. "દરિયાનો તે વળી હીરો હોય? છોકરી તું ભૂલી લાગે છે. દરિયામાં તો મોતી પાકે મોતી. એ પણ ખુબ ઊંડે જાયતો મળે." એમ કહેતોને ભાગી ગયો.

ધ્યારાને તો હજીયે આશા હતી કે હીરો મળશે જ. ફરી એમની નાવડી ચાલી આગળ... ઓ..હો...હો.. અહીં તો આખી એક નગરી. સુંદર મજાના ચળકતા રંગબેરંગી નીતનવી ડીઝાઇનવાળી રંગોળી બનાવતા પરવાળાદેખાયા એ જોઈ ધ્યારા ખુશીથી નાચવા લાગીને બોલી,

"ઓ પચરંગી પરવાળા, બતાવું મારી શાળા,
શોધી આપે દરિયાનો હીરો, તો જાગે મારો વીરો."

સુંદર મજાના રંગીન બગીચામાં બેઠેલોપરવાળોબોલ્યો, "બહેન! અહીં તો મોતી છે જાતજાતના ને ભાતભાતના. તને જેગમે તે તારા, લઈજા, ને તારા ભાઈ ને જગાડ. બાકીદરિયાનાં હીરા તો અમે ક્યારે દીઠા નથી." એમ કરીને ખોળો ભરાય એટલા રંગબેરંગી મોતી ધ્યારા ને આપ્યા. ધ્યારા એમ નિરાશ થાય એમ ન હતી. ફરી નાવિક સાથે ચાલી આગળ. અહીં તો કેટલાબધાંશંખ ઓહો..હો...હો... નાનાંને મોટાંએકબીજાના ખોળામાં તો કોઈ એકબીજા પાછળ સંતાઈનેતો કોઈક તો એકબીજાના ખભા પર ચડીને ઘોડો-ઘોડો રમતા હતા, એમને જોઇને ધ્યારાએ ઠાવકાઈથી કહ્યું,

"ઓ સલુણા શંખ, પહેરાવુંમાળાતારે કંઠ,
શોધી આપે દરિયાનો હીરો, તો જાગે મારો વીરો."

ટીચૂક ટીચૂક કરતો એક મોટો શંખ આગળ આવ્યો, એ પણ ઠાવકાઈથી બોલ્યો, "દીકરી, એના માટે તારે આટલો બધો દરિયો ખુંદવાની કાંઈ જરૂર ન હતી. તું કિનારે જા. ત્યાં દરિયાના હીરા મળશે. "શંખની વાત સાંભળી ધ્યારાને થયું કે એક હીરો મળવો મુશ્કેલ છે ત્યાં આ શંખ કહે છે કે દરિયાના હીરા મળશે. છતાંય ભરોસો રાખી નાવિક અને ધ્યારા બંનેની નાવડી ચાલી પછી કિનારા તરફ. દરિયામાં ઘણે આગળ નીકળી ગયા હતા. તેથી પાછા ફરતાં હવે તો સૂરજ માથા પર આવી ગયો હતો. હીરાની ચિંતામાં ધ્યારા આમથી તેમ નજર દોડાવ્યા કરતી હતી. ત્યાં દૂરથી તેને ખરેખર હીરા જેવું ચળકતું કંઇક દેખાયું એણે નાવિકને એ તરફ હોડી લઇ જવા કહ્યું. નાવિકે કહ્યું "બેટા ! એ તરફ તો મીઠાના અગર છે."ધ્યારાએ કહ્યું " એ જે હોય તે તમે મને એ તરફ લઇ જાઓ. નાવિક એ તરફ હોડી હંકારી ગયો. કિનારે હોડી લાંગરી નાવિક મીઠાના અગર તરફ લઇ ગયો. ધ્યારાએ જોયું તો ચારે બાજુ હીરા જ હીરા.એ તો ખુશીથી નાચવા લાગી. કંઇકવિચારે ત્યાં પેલું સીગલ ઊડીને આવ્યું. ને બોલ્યું," હા.. હા.. હા..આ જ દરિયાના હીરા છે." ધ્યારાએ નાના નાના હાથો વડે મોટામોટા ખોબા ભરીને,ખોળો ભર્યો. પરસેવે નીતરતી દોડતી આવી. જ્યાં એનો ભાઈલું બેભાન થઇ ગયો હતો આવીને હર્ષિવના શરીરે ઘસ્યું. ઝેર ઉતર્યું. હર્ષિવ જાણે ઊંઘમાંથીજાગ્યો. બંનેભાઈ

બહેન એક બીજાને ભેટ્યા. ધ્યારાએનાવિકને થોડાંકમોતી આપ્યા,સાથે લાવેલો નાસ્તો કૂતરાંને ખવડાવ્યો. બંનેનો આભાર માન્યો. હર્શિવ ને ધ્યારા ખૂબરમ્યાં ને થાકી નેખુશ થતાંઘેરગયાં.